ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

તાપમાન

	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૭.૦° સે.	૨૪.૦° સે.
આહવા	૩૯.૦° સે.	૨૨.૦° સે.
વલસાડ	૩૭.૦° સે.	૨૪.૦° સે.
વાપી	૩૭.૦° સે.	૨૪.૦° સે.

નવસારીની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓ ચિંતાજનક રીતે ઘટ્યા

14 શાળામાં અંદાજે 3 હજાર જેટલા વિદ્યાર્થી રહી ગયા

કેટલીક શાળાઓ મર્જ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી

નવસારીઃ નવસારી શહેર મહાનગરપાલિકા બનતાં વિકાસનાં અનેક ક્ષેત્રોમાં આગળ વધ્યું છે, પરંતુ સરકારી શાળાઓની સ્થિતિમાં હજુ પણ સુધારાની જરૂરિયાત અનુભવાઈ રહી છે. એક સમય હતો જ્યારે નગરપાલિકા સંચાલિત શાળાઓમાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા અને શાળાઓ શિક્ષણનાં સજીવ કેન્દ્રો ગણાતી હતી. આજે પરિસ્થિતિમાં થોડો ફેરફાર જોવા મળી રહ્યો છે. અગાઉ આશરે 21 જેટલી શાળામાં 8થી 10 હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. જ્યારે હાલમાં લગભગ 14 શાળામાં અંદાજે 3 હજાર જેટલા વિદ્યાર્થી રહી ગયા છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થવાના કારણે કેટલીક શાળાઓને એકમાં ભેગી કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.

ખાનગી શાળાઓ તરફ વધતા ઝોકને કારણે મધ્યમ વર્ગના વાલીઓ વધુ ત્યાં વળતા જોવા મળે છે. જ્યારે સરકારી શાળાઓમાં મુખ્યત્વે આર્થિક રીતે નબળા વર્ગનાં બાળકો અભ્યાસ કરે છે. ઘણી શાળાઓમાં ડિજિટલ સુવિધાઓ ઉમેરાઈ છે, છતાં કેટલાંક સ્થળોએ ભૌતિક સુવિધાઓમાં સુધારો કરવાની જરૂરિયાત જણાઈ રહી છે.

શહેરના જાણકારોના મત મુજબ, જો શાળાઓના મકાનોનું સુધારણું, સ્વચ્છતા, સુવિધાઓ અને શિક્ષણની ગુણવત્તા પર વધુ ધ્યાન આપવામાં આવે, તો વાલીઓનો વિશ્વાસ ફરી મજબૂત બની શકે. સરકારી શાળાઓ શહેરના શિક્ષણ વ્યવસ્થાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે, અને તેમાં સમયસરના સુધારા ભવિષ્ય માટે લાભદાયક સાબિત થઈ શકે છે.

વાપીના ડુંગરામાં બંધ ઘરમાં ચોરી

વાપીઃ વાપીના ડુંગરામાં તસ્કરો બંધ ઘરને નિશાન બનાવી રોકડા 7 હજાર અને ઘરેણાં મળી કુલ રૂ.1.18 લાખની ચોરી કરી ગયા હતા. વાપી નજીકના ડુંગરા ગામ, લેક પેરેડાઈઝમાં મીરાબેન મોહન બલદોરે ગૌતમ (ઉં.વ.40) પરિવાર સાથે રહે છે. ગત તા.3-4-26ના રોજ ઘરના મુખ્ય દરવાજાને તાળું મારી નોકરી પર ગયાં હતાં અને સાંજે સાડા છ વાગ્યાની આસપાસ પરત આવ્યા તો ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું હતું અને અંદર તપાસ કરતાં રસોડાની સ્લાઈડિંગ બારી પણ તૂટેલી હતી. અલમારીમાં મૂકેલાં સોના-ચાંદીનાં ઘરેણાં કિંમત આશરે 1.11 લાખ અને રોકડા 7 હજાર મળી કુલ રૂ.1,18,450ની ચોરી થઈ હતી. આ ચોરીના બનાવ અંગેની ફરિયાદ મીરાબેને વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

પરિવાર કાર લેવા ગયો અને ઘરમાં આગ ફાટી નીકળી

અખાત્રીજના શુભ દિવસે નવસારીમાં દીવાના કારણે ઘરમાં આગ ભડકી

નવસારી: અખાત્રીજના પવિત્ર દિવસે જ્યાં એક પરિવાર માટે નવી કાર ખરીદવાની ખુશીઓનો માહોલ હતો, ત્યાં જ છાપરા રોડ વિસ્તારમાં આવેલ દેવલ એપાર્ટમેન્ટમાં બનેલી ભીષણ આગની ઘટનાએ આ આનંદને આઘાતમાં ફેરવી દીધો. બપોરના સમયે એપાર્ટમેન્ટના છઠ્ઠા માળે આવેલા એક ફ્લેટમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળતા નજરે પડતા આસપાસના રહીશો ગભરાઈ ઉઠ્યા હતા. થોડી જ ક્ષણોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું અને ઘરના મોટાભાગના સામાનને ભસ્મ કરી નાખ્યો.

સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર વિભાગની ટીમ દોડી આવી હતી. ઊંચાઈને પડકાર આપતા ફાયર ફાઇટરોએ આધુનિક સાધનોની મદદથી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. તેમની સમયસરની કામગીરીને કારણે આગને અન્ય ફ્લેટ સુધી ફેલાતી અટકાવવામાં સફળતા મળી અને મોટી દુર્ઘટના ટળી ગઈ.

આ ઘટનાનો સૌથી ચોંકાવનાર પાસો એ રહ્યો કે અખાત્રીજના શુભ પ્રસંગે ઘરમાં પ્રગટાવેલો એક દીવો જ આ આગનું કારણ બન્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ઘટના સમયે પરિવાર નવી કાર લેવા માટે શોરૂમ ગયો હતો. આ દરમિયાન પડોશીઓએ આગ અંગે જાણ કરતાં પરિવારજનો તાત્કાલિક ઘરે પહોંચ્યા, પરંતુ ત્યાં સુધીમાં ઘરમાં ભારે નુકસાન થઈ ચૂક્યું હતું.

સદભાગ્યે, ઘટના સમયે ઘરમાં કોઈ હાજર ન હોવાથી જાનહાનિ ટળી હતી. જો કે, એક રૂમ સુધી આગ ન પહોંચતા કેટલીક કિંમતી વસ્તુઓ બચી ગઈ હોવાનું જાણવા મળ્યું છે. ખુશીના દિવસે બનેલી આ દુર્ઘટનાએ પરિવારને આર્થિક રીતે ભારે ઝટકો આપ્યો છે.

નવસારીના સરદાર હાઈટ્સમાં પાર્કિંગનો પ્રશ્ન ઉગ્ર બન્યો

રાત્રિના સમયે વધુ સઘન પેટ્રોલિંગ કરવા માંગ

નવસારીઃ નવસારી શહેરના ધર્મિનનગર વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ સંચાલિત સરદાર હાઈટ્સ શોપિંગ સેન્ટરનો પાર્કિંગ વિસ્તાર છેલ્લા ઘણા સમયથી ચર્ચાનો વિષય બન્યો છે. જાહેર ઉપયોગ માટે નિર્ધારિત આ જગ્યા પર ખાનગી લક્ઝરી બસો લાંબા સમયથી ઊભી રહેતાં સ્થાનિક રહીશો તેમજ વાહનચાલકોને પાર્કિંગ માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ મુદ્દે અગાઉ પણ લેખિત રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ હજી સુધી કોઈ ચોક્કસ પગલાં લેવામાં આવ્યાં નથી. જેના કારણે રહીશો હવે તંત્ર પાસેથી ઝડપી અને અસરકારક કાર્યવાહી કરવાની અપેક્ષા રાખી રહ્યા છે. આસપાસની સરદાર હાઈટ્સ, નિધિવન, રાયણુંજ અને સૂર્યમ બંગ્લોઝ જેવી સોસાયટીઓના રહીશો એકત્ર થઈ સંબંધિત અધિકારીઓ સમક્ષ પોતાની સમસ્યાઓ રજૂ કરી ચૂક્યા છે. રહીશોનું કહેવું છે કે પાર્કિંગમાં બસો ઊભી રહેવાના કારણે માત્ર અવરજવર જ નહીં, પરંતુ રાત્રિના સમયે અહીં કેટલીક અનિચ્છનીય પ્રવૃત્તિઓ પણ વધી રહી છે, જેના કારણે વિસ્તારની શાંતિ અને સુરક્ષાની લાગણી પર અસર પડે છે. ખાસ કરીને મહિલાઓ અને બાળકો માટે સલામતીનો મુદ્દો મહત્ત્વનો બની રહ્યો છે. સ્થાનિક લોકો દ્વારા પાર્કિંગ વિસ્તાર ખાલી કરાવવા અને રાત્રિના સમયે વધુ સઘન પેટ્રોલિંગ કરવાની માંગણી કરવામાં આવી છે. તેઓ આશા રાખી રહ્યા છે કે તંત્ર આ બાબતને ગંભીરતાથી લઈ વહેલી તકે યોગ્ય ઉકેલ લાવશે, જેથી વિસ્તાર ફરીથી વ્યવસ્થિત અને સુરક્ષિત બની શકે.

ખેરગામના રૂઝવણીના યુવકનું ઝેરી દવા ગટગટાવતાં મોત

ખેરગામઃ ખેરગામના રૂઝવણી ગામના દુકાન ફળિયામાં રહેતા મુકેશલાલ મગનલાલ પટેલ (ઉં.વ.45) એ પોતાના ઘરે આશરે બપોરે બાર વાગ્યાની આસપાસ અગમ્ય કારણોસર કચરું મારવાની દવા પી લીધી હતી. પરિવારજનોને જાણ થતાં તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા તેમને ખેરગામ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે તેમને ધરમપુરના સાઈનાથ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તા.18/4/2026ના રોજ સાંજે આશરે 6:32 વાગ્યે ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે ખેરગામ પોલીસ સ્ટેશને અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. આ મામલે ખેરગામ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ બીપીનભાઈ કાન્તુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

નેતાઓની 'લકઝરી' સામે પ્રજાની 'લાચારી': રસ્તા માટે 10 વર્ષથી દુઃખ!

કપરાડાના સિલ્વાના ઉમરપાડા ફળિયાનો રસ્તો બિસમાર હાલતમાં, ગ્રામજનોમાં રોષ, 600 લોકો સમસ્યાગ્રસ્ત

વલસાડઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો પ્રચાર હાલ ચરમસીમાએ પહોંચી રહી છે, નેતાઓ લકઝરી કારોના કાફલા સાથે ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. ત્યારે કપરાડાના સિલ્વા ગામના ઉમરપાડા ફળિયાથી ખડકવાળ ગામને જોડતો અંદાજે 1.5 કિલોમીટર લાંબો રસ્તો છેલ્લાં દસ વર્ષથી અત્યંત ખરાબ હાલતમાં છે. રસ્તાની હાલત એટલી બિસમાર બની ગઈ છે કે, સ્થાનિક લોકોને રોજિંદી અવરજવર માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રજૂઆતો બાદ પણ પરિસ્થિતિ યથાવત છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ આ રસ્તા અંગે અનેકવાર તંત્રને રજૂઆત કરવામાં આવી છે, છતાં અત્યાર સુધી કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં આવી નથી. પરિણામે રસ્તા પરનો ડામર સંપૂર્ણપણે ઉખડી ગયો છે અને મેટલ બહાર આવી જતાં વાહન ચલાવવું જોખમી બની ગયું છે. આ રસ્તો ગામ માટે અત્યંત મહત્ત્વનો હોવા છતાં તંત્રની ઉદાસીનતા સામે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઇમરજન્સી પરિસ્થિતિમાં, જેમ કે કોઈ વ્યક્તિ બીમાર પડે ત્યારે 108 એમ્બ્યુલન્સને ગામ સુધી પહોંચવામાં ભારે મુશ્કેલી પડે છે. ખરાબ રસ્તાના કારણે દર્દીઓને સમયસર સારવાર મળવામાં વિલંબ થતો હોય છે, જે જીવલેણ સાબિત થઈ શકે છે. સિલ્વા ગામના ઉમરપાડા ફળિયામાં આશરે 600 જેટલા લોકો વસવાટ કરે છે અને તેમના માટે આ એકમાત્ર રસ્તો છે. ખરાબ રસ્તાને કારણે વાહનચાલકોને વારંવાર પંચર, વાહનને નુકસાન તેમજ સ્લિપ થવાની ઘટનાઓનો સામનો કરવો પડે છે.

વાપીના છીરીમાં જુગાર રમતા 3 ઝડપાયા

વાપીઃ વાપીની ડુંગરા પોલીસે છીરી વિસ્તારમાંથી 3 જુગારીને ઝડપી પાડ્યા હતા. રોકડા અને દાવની રકમ મળી કુલ રૂ.2920 કબજે લઈ જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમી આધારે છીરી, માહ્યાવંશી ફળિયામાં આવેલ ખુલ્લા મેદાનમાં જુગાર રમનારાઓ રેઈડ કરી હતી. જુગાર રમતા 3 ઈસમ ઝડપાયા હતા અને તેઓનાં નામઠામ પૂછતા રામસીંગ રામઅવતાર નિષાદ (ઉં.વ.32), ગણેશ અશોક સોનુ સિંદે (ઉં.વ.19) અને અશ્વિનીકુમાર બદનસીંગ લોદી (ઉં.વ.26) (તમામ રહે.,છીરી, વાપી) હોવાનું જણાવ્યું હતું. અંગજડતી કરતા રોકડા 2510 અને દાવની રકમ મળી કુલ રૂ.2920 કબજે લઈ જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ખડસુપામાં ગૌવંશની અંતિમવિધિ પદ્ધતિ સુધારવા માગ

પાંજરાપોળમાં 1300ની ક્ષમતા સામે વધુ ગૌવંશ હોવાની શક્યતા

નવસારીઃ નેશનલ હાઈવે નજીક આવેલા ખડસુપા વિસ્તારના શ્રી મહાવીર પાંજરાપોળમાં ગૌવંશના મૃત્યુ બાદ અપનાવવામાં આવતી પ્રક્રિયાને લઈને સ્થાનિક સ્તરે ચર્ચા તેજ બની રહી છે. તાજેતરમાં ગૌસેવા સાથે જોડાયેલા કેટલાક કાર્યકરોની મુલાકાત બાદ બહાર આવેલી માહિતીથી ગૌપ્રેમીઓમાં ચિંતા વ્યક્ત થઈ રહી છે. માહિતી મુજબ, પાંજરાપોળમાં આશરે 1300 પશુઓ રાખવાની ક્ષમતા છે, જ્યારે હાલમાં ક્ષમતા કરતાં વધુ ગૌવંશ હોવાના સંકેતો મળ્યા છે. આવી પરિસ્થિતિમાં પશુઓની સંભાળ અને સુવિધાઓ અંગે પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. વધુમાં, ગૌવંશના મૃત્યુ બાદ પરંપરાગત રીતે અંતિમવિધિ કરવામાં આવતી નથી એવી ચર્ચા સામે આવી છે, જેના કારણે આ મુદ્દો સંવેદનશીલ બની ગયો છે.

આ વિષય પર ગૌસેવા કાર્યકર રાકેશ શર્માએ જણાવ્યું હતું કે ગૌવંશ પ્રત્યે સમાજમાં વિશેષ આદરભાવ રહેલો છે, તેથી મૃત્યુ બાદ પણ સંસ્કારપૂર્ણ અંતિમવિધિ કરવામાં આવે તેવી વ્યવસ્થા વિકસાવવામાં આવે તો વધુ યોગ્ય રહેશે.

સંસ્થા તરફથી જમીન અને અન્ય મર્યાદાઓ અંગેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે, પરંતુ સ્થાનિક લોકોનું માનવું છે કે યોગ્ય આયોજન દ્વારા વિકલ્પો શોધી શકાય છે. અંદાજે દરરોજ 6 થી 8 ગૌવંશના મૃત્યુ થતા હોવાના દાવાઓને કારણે આ મુદ્દે વધુ ગંભીરતા સાથે વિચારવાની જરૂર જણાઈ રહી છે.

હાલમાં આ મુદ્દે સ્થાનિક સ્તરે ચર્ચા ચાલી રહી છે અને સંબંધી તંત્ર તથા સંચાલકો દ્વારા સંવેદનશીલતા દાખવી યોગ્ય ઉકેલ લાવવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ચીખલીના શિક્ષકોના ચેક બાઉન્સ થઇ રહ્યાં છે

એપ્રિલ મહિનાના ત્રણ અઠવાડિયા વિતી ગયા છતાં ૭૮૭ શિક્ષકોનો પગાર થયો નથી

ઘેજ : જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ચીખલી તાલુકાની ૧૭૭ પ્રાથમિક શાળાના ૭૮૭ શિક્ષકો પગારની રાહ જોઈ રહ્યા છે. આજ દિન સુધી માર્ચ મહિનાનો પગાર ન થતા હોમ લોન, કાર લોન સહિતના હપ્તા બાઉન્સ થતા પેનલ્ટી ભરવાની ફરજ પડવા સાથે સિવિલ સ્કોર પણ બગડી જવાની નોબત આવી છે.એપ્રિલ માસ ના ત્રણ સપ્તાહ પૂર્ણતાને આરે હોવા છતાં માર્ચ મહિના નો પગાર ખાતામાં જમા ન થતા જિલ્લાના શૈક્ષણિક આલમમાં ભારે રોષ અને નારાજગીની લાગણી જોવા મળી રહી છે. તંત્ર દ્વારા શિક્ષકોનો ઝડપથી પગાર થાય તેવી કામગીરી કરવામાં આવે તે જરૂરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શિક્ષકોનો માર્ચ મહિનાનો પગાર વિલંબ પાછળનુ માર્ચ મહિનાની વહીવટી અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીલક્ષી કામગીરીને કારણે પગારની ગ્રાન્ટ પણ મોડી આવી હતી. શિક્ષકોનો પગાર મોડા થવા પાછળનું મુખ્ય કારણ કોઈ વહીવટી શિથિલતા નહીં પરંતુ ટેકનિકલ કારણ જવાબદાર છે. રાજ્ય સરકાર દ્વારા ઉપયોગમાં લેવાતા 'પ્રેસા' (PRESA) સોફ્ટવેરને અપડેટ કરવાની કામગીરી ચાલી રહી હોવાથી તેને હાલ બંધ રાખવામાં આવ્યું છે. આ સોફ્ટવેર બંધ હોવાને કારણે શિક્ષકોના પગાર બિલ ઓનલાઇન અપલોડ થઈ શક્યા નથી, જેના સીધા પરિણામ સ્વરૂપે ૧૯ એપ્રિલ સુધી પણ પગારની ચુકવણી થઈ શકી નથી.

શિક્ષકોનો આજ દિન સુધી પગાર ન થતાં આર્થિક સ્થિતિ કફોડી બનવા પામી છે. શિક્ષકો દ્વારા વ્યક્ત કરાયેલી વ્યથ મુજબ મોટાભાગના શિક્ષકોના હોમ લોન અને કાર લોનના હપ્તા મહિનાની શરૂઆતમાં જ કપાઈ જતા હોય છે. પગાર ન થતા બેંકમાં પૂરતા બેલેન્સ ના અભાવે હપ્તા બાઉન્સ થવાનો અને પેનલ્ટી લાગવાનો ડર સતાવી રહ્યો છે અને તેઓનો આર્થિક કારભાર ડામાડોળ થવા પામ્યો છે. ચીખલી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી રાજુભાઈ પટેલને આ અંગે પૂછતા તેમણે જણાવ્યું હતું કે પ્રેસા સોફ્ટવેરમાં કંઈક ખામી સર્જાતા હજી સુધી શિક્ષકોનો પગાર થયો નથી.

વલવાડા હાઈવે પર ટેમ્પોમાંથી રૂ.38 લાખનો દારૂ ઝડપાયો

ઉમરગામ: ઉમરગામના વલવાડા હાઈવે પરથી એલસીબી ટીમે ટેમ્પોમાં લઈ જવાતો રૂ.38 લાખના દારૂના જથ્થા સાથે ચાલકને ઝડપી પાડ્યો હતો.

એલસીબીએ ને.હા.નં.48 પર વોચ ગોઠવી હતી અને વર્ણવેલ નંબરવાળો ટેમ્પો નં.(જીજે-23 એડબ્લ્યૂ-8248) આવતા પોલીસે તેને અટકાવ્યો હતો. જે બાદ ટેમ્પોમાં તપાસ કરતાં પાસ પરમિટ વિનાના વ્હીસ્કીનાં બોક્સ 411 જેની અંદાજિત કિંમત 38,07,504 આંકવામાં આવી હતી. પોલીસે ટેમ્પોચાલકનું નામઠામ પૂછતા મિહિર જોરાવરસિંહ ચૌહાણ (ઉં.વ.32) (રહે.,આણંદ) હોવાનું જણાવ્યું હતું. વધુ પૂછતાછ કરતાં આ દારૂનો જથ્થો જાવેદ મેમણ (રહે.,વડોદરા)એ ભરાવ્યો હતો. પોલીસે ટેમ્પો, દારૂનો જથ્થો અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.53,13,504નો મુદ્દામાલ કબજે લઈ ટેમ્પોચાલકની અટકાયત કરી જથ્થો ભરાવનારને વોન્ટેડ જાહેર કર્યો છે.

બલીઠા અંડરપાસ રાત્રે પણ ખુલ્લો મૂકી દેવાયો

નિર્ધારીત સમય કરતાં વહેલો ખુલ્લો મૂકાતા લોકોને રાહત

વાપી : વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં પૂર્વથી પશ્ચિમને જોડતા બલીઠા રેલવે અંડરબ્રિજની ઉપર પતરા મૂકવાની કામગીરી કરવામાં આવી રહી હતી. જેને લઈને અંડરપાસ તારીખ ૧ થી ૨૪ એપ્રિલ સુધી બંધ કરવાની જાહેરાત કરાઈ હતી.

રાત્રિ દરમિયાન આ કામગીરી થતી હોવાને લઈને અંડરપાસ રાત્રે 11 થી સવારે 6 વાગ્યા સુધી વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. જોકે કામગીરીના કારણે રાત્રે બંધ કરવામાં આવેલા અંડરપાસથી ટ્રાફિકની સમસ્યા સહિત વાહનચાલકોએ ચકરાવો ખાવાની ફરજ પડતી હતી અને દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યા વકરી રહી હતી. જેની રજૂઆતને પગલે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ સંબંધિત વિભાગને વહેલી તકે કામ કરીને તાકીદે અંડરપાસને રાત્રે પણ ખુલ્લો મૂકવા જણાવ્યું હતું. ઉપરાંત ટ્રાફિક તેમજ લોકોની સમસ્યાનું નિરાકરણ કરવાની સૂચના બાદ સંબંધિત વિભાગે પુરપાટ ઝડપે કામગીરી હાથ ધરી હતી અને કામગીરી પૂર્ણ કર્યા બાદ શનિવારના રોજથી રાત્રે પણ અંડરપાસ ખુલ્લો મુકાતા વાહનચાલકો માટે મોટી રાહત થઈ છે.

વાપી પૂર્વ અને પશ્ચિમને જોડતા મહત્વના કહી શકાય એવા રેલવે અંડરપાસની ઉપરના ભાગે એંગલો મૂકી પતરાઓ ફિટિંગ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેને લઈને રાત્રિ દરમિયાન ચાલતી આ કામગીરીને લઈ રાત્રે ૧૧ વાગ્યાથી અંડરબ્રિજ વાહનવ્યવહાર માટે રાત્રે બંધ કરવામાં આવ્યો હતો. પરંતુ લોકોને વધુ અગવડ ન પડે તેવા હેતુસર યુદ્ધના ધોરણે કામગીરી કરી હવે અંડરપાસ રાત- દિવસ ખુલ્લો રખાતા વાહનચાલકો માટે મોટી રાહત થઈ છે.

અખાત્રીજ પૂર્વજોનાં પૂજન સાથે આવનારા પાકની પરંપરાગત ખાતરી કરવામાં આવી

ડાંગમાં અખાત્રીજ એટલે છેલ્લો તહેવાર

આદિવાસીઓ પોતાના પૂર્વજોને યાદ કરી તેમના નામે ચૂલામાં અગારી પાડે છે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં પ્રકૃતિપૂજક આદિવાસી સમાજ દ્વારા અખાત્રીજનો પાવન તહેવાર પરંપરાગત રીતે ઉત્સાહભેર ઉજવાયો હતો.આ પ્રસંગે આદિવાસીઓએ પોતાના પૂર્વજોની પૂજા કરી અને આવનારા વર્ષમાં કયો પાક લેવો તેની પરંપરાગત રીતે ખાતરી કરી હતી.ડાંગી આદિવાસીઓ માટે અખાત્રીજ મુખ્ય અને અત્યંત મહત્વનો તહેવાર માનવામાં આવે છે. વર્ષના અંતમાં આવતો આ તહેવાર 'છેલ્લો તહેવાર' તરીકે પણ ઓળખાય છે, જ્યારે અખાત્રીજ પછી નવા વર્ષની શરૂઆત થતી હોય છે. જંગલ અને પ્રકૃતિ સાથે અવિભાજ્ય રીતે જોડાયેલા આદિવાસી સમાજ માટે પ્રકૃતિ આરાધ્ય છે, અને તેઓ તેની સામે પોતાની શ્રદ્ધા અને લાગણી વ્યક્ત કરે છે. આ તહેવાર દરમિયાન આદિવાસીઓ પોતાના પૂર્વજોને યાદ કરી તેમના નામે ચૂલામાં અગારી પાડે છે, જેને પૂર્વજોના દેવપૂજન તરીકે માનવામાં આવે છે. આ પરંપરા તેમના જીવનમાં પૂર્વજોના સ્થાન અને માન્યતાઓને પ્રતિબિંબિત કરે છે. આ કારણે અખાત્રીજને પૂર્વજ પૂજનનો તહેવાર પણ કહેવાય છે.

કપરાડા-ધરમપુરમાં હળ-બળદની પૂજા સાથે ખેતીની શરૂઆત

ધરમપુર : વૈશાખ સુદ ત્રીજના પવિત્ર દિવસે અખાત્રીજ પર્વની કપરાડા અને ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી. આદિવાસી ખેડૂતોએ હળ-બળદ અને ખેતીના ઓજારોની શ્રદ્ધાભાવે પૂજા કરી ખેતીકામની શુભ શરૂઆત કરી હતી. વાવણી માટેના બિયારણનું પૂજન કરી સારા પાક અને સમયસર વરસાદ માટે પ્રાર્થના કરવામાં આવી. ઢોડીયા, નાયકા, હળપતિ, ચૌધરી, ગામીત, વસાવા, કુંકણા, વારલી અને ભીલ સમાજે પર્વને વિશેષ મહત્વ આપ્યું હતું. કુંકણા સમાજમાં ગૌરાઈ પૂજન ખાસ રીતે યોજાઈ હતી. જેમાં વાંસની ટોપલીમાં ધાન્ય વાવી પૂજન કરાયું. આ ઉગેલા ધાન્ય પરથી આવનારા ખેતી વર્ષનું અનુમાન કરવામાં આવે છે. સાંજે ગૌરાઈ ટોપલીઓ ગ્રામદેવતા પાસે લઈ જઈ પૂજન, નૃત્ય-ગીત સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું અને ભાખરનો પ્રસાદ વહેંચી પર્વની સમાપ્તિ કરવામાં આવી હતી. ગામોમાં પરંપરાગત વેશભૂષામાં લોકો ઉત્સાહભેર જોડાયા અને ધાર્મિક માહોલ સર્જાયો.

ચીખલી APMCમાં અખાત્રીજથી કેરીની હરાજીનો પ્રારંભ

પ્રથમ ગ્રેડની કેસર કેરીનો પ્રતિમણ ૩૬૯૧ રૂપિયા જ્યારે દશેરીનો ૨૭૨૬ ભાવ જાહેર થયો

ઘેજ : આજે અખાત્રીજના દિવસથી કેરીની હરાજીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

કેસર કેરીની પ્રથમ ગ્રેડની પ્રતિવિસ કિલોગ્રામનો ૩૬૯૧ જ્યારે દશેરીનો ૨૭૨૬ ભાવ જાહેર રહેતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી હતી. જ્યારે બીજા ગ્રેડની કેસર કેરી ૨૪૦૦ અને દશેરીનો ૧૭૦૦ રૂપિયા જાહેર થયો હતો. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે અને જે તે દિવસની ચુકવણી તે જ દિવસે થઈ જાય તેવી વ્યવસ્થા ઉભી કરાવવામાં આવતા ચીકુ,કેરીના વેચાણ માટે મુખ્ય આધાર સ્તંભ બની છે.

પોલીથીન ચડાવેલી કેરીના સૌથી વધુ ભાવ

એપીએમસીમાં પોલીથીન બેગ ચઢાવેલ કેરીનો સૌથી વધુ ભાવ બોલાયો હતો. સમરોલી નવા ફળિયાના ખેડૂત મુકેશભાઈ દ્વારા તેમની વાડીમાં કેરીના ફળો ઉપર પોલીથીન બેગનું આવરણ ચઢાવેલ હોય આ કેરીને ફળમાખી પણ લાગતી નથી.અને ડાઘ વિનાની ચોખ્ખી સ્માર્ટ કેરીનો સૌથી વધુ ૩૬૯૧ રૂપિયા ભાવ બોલાયો હતો.આમ પોલીથીન બેગવાળી સ્વચ્છ ઊંચી ગુણવત્તાવાળી કેરીની માંગ વિશેષ રહેશે તે નિશ્ચિત છે.